તા.૦૫/૦૨/૨૦૨૪

મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ

૧૫ મી વિધાનસભાના ચોથા સત્રમાં મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના માન.સભ્યશ્રી ....... જે પ્રસ્તાવ લઈને આવ્યા છે અને સદસ્યશ્રી .......... એ જેને સમર્થન આપ્યું છે. ત્યારે રાજ્યપાલશ્રીએ પોતાના વકતવ્યમાં જે સ્વાતંત્ર સેનાનીઓને ઉલ્લેખ કર્યો છે તેમને શત શત વંદન કરી મારા વિચારો રજુ કરું છું.

**મહામહિમ રાજ્યપાલશ્રીનું પ્રવચન એ ગુજરાત સરકારે પ્રશ્ન માટે કરેલ કામો, લીધેલા નિર્ણયો, નાગરિકો માટેની સંવેદના અને સરકારની લોકો પ્રત્યેની કટીબધ્ધ્તાનો Living Document એટલે કે જીવંત દસ્તાવેજ કહેવાય**

મહામહિમ રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં કહ્યું હતું કે, **ગુજરાત એ માત્ર ચાર અક્ષરનો બનેલો શબ્દ નથી** પરંતુ લાખો-કરોડો લોકોના સપના સાકાર કરવાનું સ્થળ છે. ગુજરાતની આ છબી રાતોરાત બની નથી. બે દાયકા પૂર્વે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી થી લઈને આજદિન સુધી તમામની સહભાગીતા થકી સૌનો સાથ, સૌનો વિકાસ સાથે શરૂ કરેલી વિકાસયાત્રાનું પરિણામ છે. તેનો યશ આજે **"ટીમ ગુજરાત"** શબ્દ સાથે માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આપણાને સૌને આપવા બદલ ગૃહ વતી તેમનો આભાર વ્યકત કરું છું. અને **"ગેટ વે ટુ ધ ફ્યુચર"** ની થીમ પર આધારિત વાઈબ્રન્ટ સમિટ ની વાઈબ્રન્સી તમામ જીલ્લાઓ સુધી પહોંચાડવાના અનુરોધ થકી ગુજરાત રાજ્યના નાનામાં નાના એકમ ગામ થી લઇ, તાલુકા, જીલ્લા, નગર, મહાનગરમાં થઇ રહેલા સર્વાંગી વિકાસની વાત કરી હતી.

ગુજરાત છેલ્લા બે દાયકાઓમાં નોંધપાત્ર શહેરીકરણનું સાક્ષી બન્યું છે. **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના** અંતર્ગત મુખ્યત્વે ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ, સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ જેવીકે પાણી, ગટર, રસ્તા, લાઈટ, ગાર્ડન, શહેરી પરિવહન, શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો, ખાનગી સોસાયટીમાં જનભાગીદારી યોજના વગેરે જેવા કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં આ યોજના માટે રૂ.૭૪૫૬.૬૪ કરોડની ગ્રાન્ટની ફાળવણી સામે આશરે કુલ રૂ.૫૦૭૩.૪૪ કરોડની રકમના ૧૫૧૮ પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે. સ્માર્ટ સીટી મિશન અંતર્ગત ભારત સરકાર દ્વારા પસંદગી પામેલ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદ એમ કુલ ૬ સ્માર્ટ સિટી માટે કુલ રૂ.૧૧,૪૪૩ કરોડની રકમના ૩૫૧ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવેલ છે, જે પૈકી રૂ.૯૪૧૬ કરોડના ૩૦૯ પ્રોજેક્ટસ પૂર્ણ થયેલ છે અને રૂ.૨૦૨૬ કરોડના ૪૨ પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ છે.

ભારત સરકારના આવાસન અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા શહેરોમાં સ્વચ્છતા રહે તે માટે સ્વચ્છ સર્વેક્ષણ સ્પર્ધાનું આયોજન સમગ્ર ભારતમાં કરવામાં આવે છે. જેમાં મને જણાવતા આનંદ થાય છે કે, **સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩માં** : સુરત મહાનગરપાલિકાને ઈન્દોરની સાથે દેશનાં સૌથી સ્વચ્છ શહેરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને ગાર્બેજ ફ્રી સીટી (GFC)નાં સર્ટીફીકેશનમાં ૭ સ્ટાર રેટિંગનો લક્ષ્યાંક હાંસિલ કર્યો છે.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને જામનગર મહાનગરપાલિકાઓએ Water+ સર્ટીફીકેટ અને GFCમાં ૩ સ્ટાર રેટિંગનો લક્ષ્યાંક હાંસિલ કર્યો છે.

રાજ્ય કક્ષાએ ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં બાંટવા અને ૧ લાખથી ૧૦ લાખ સુધીની વસ્તી ધરાવતાં શહેરોમાં વાપી નગરપાલિકાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

## ભાવિલક્ષી શહેરી આયોજન અને અમલ

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩ માં ૧ વિકાસ યોજના, ૨૩ મુસદ્દારૂપ નગર રચના યોજના, ૧૬ પ્રારંભિક નગર રચના યોજના અને ૧૨ આખરી નગર રચના યોજના મંજૂર કરીને ઐતિહાસિક કાર્ય કરવામાં આવેલ છે. રાજ્યની નગર રચના યોજના જાહેર જનતા ઓનલાઈન જોઈ શકે તે માટે હાલ ગૂગલ ઈમેજ સાથે ૪૦૦ નગર રચના યોજના પોર્ટલ પર ઉપલબ્ધ છે તથા વર્ષના અંત સુધીમાં વધુ ૪૭૫ ટીપી સ્કીમોને ડિજિટલાઈઝેશન કરી વેબ પોર્ટલ પર મૂકવાનો ઉદ્દેશ છે.

## ગિફ્ટ સિટી

વૈશ્વિક કક્ષાના નાણાકીય કેન્દ્ર તરીકે વિકસી રહેલ ગિફ્ટ સિટી થકી ગુજરાતમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો બહોળા પ્રમાણમાં ઊભી થઇ રહી છે. હાલમાં ગિફ્ટ સિટી ખાતે દેશનું સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવાઓનું કેન્દ્ર (IFSC) કાર્યરત છે કે જેમાં બે આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેંજ, આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેંજ, આંતરરાષ્ટ્રીય બૅન્કો તથા જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રની બૅન્કો, ઈન્સ્યોરન્સ કંપનીઓ, ગ્લોબલ ફંડ્સ, એરક્રાફ્ટ લીઝીંગ કંપનીઓ વગેરે કાર્યરત છે. આ ઉપરાંત બે ઓસ્ટ્રેલિયન યુનિવર્સીટીના બ્રાન્ચ કેમ્પસની પણ સ્થાપના થયેલ છે.

ગિફ્ટ સિટીના સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાંથી થતી નિકાસ જે નાણાકીય વર્ષ૨૦૨૧-૨૨માં રૂ.૩,૪૦૨ કરોડ હતી તે વધીને વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂ.૧૨,૩૨૫ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં રૂ. ૧૯,૩૧૭.૧૯ કરોડ થયેલ છે. અને હવે તો બજેટમાં ૯૦૦ એકરથી ૩૩૦૦ એકર વિસ્તારણા કરી ગિફ્ટ સીટીને પ્લાન્ટ ગ્રીન સીટી તરીકે વિકસાવવામાં આવશે તેવી વાત પણ બજેટમાં મુકવામાં આવી છે.

તો બીજી તરફ શહેરી ગરીબોની સ્થિતિને પણ બદલવા શહેરોની ઝૂંપડપટ્ટી રહેતા નાગરિકોને **પ્રધાનમંત્રી આવાસ યોજના**, મુખ્યમંત્રી આવાસ યોજના, બેનિફિશ્યરી લેડ કન્સ્ટ્રક્શન, એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશીપ અંતર્ગત આવાસોની ફાળવણી, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા રી-ડેવલોપમેન્ટ હેઠળ પણ મકાનોનું બાંધકામ, **પીએમ સ્વનિધિ** અંતર્ગત ૪,૨૨,૦૦૦ શેરી ફેરિયાઓને લોન થકી તમામ વર્ગના જીવનમાં બદલાવની વાત કરવામાં આવી છે.

પંડિત દિન દયાળ અંત્યોદય કેન્દ્રો, યુપીએસસી થકી પ્રાઈમરી વ્યવસ્થા સીએચસી થકી સેકન્ડરી વ્યવસ્થા અને હોસ્પિટલોને મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલો આમ ત્રિસ્તરીય આરોગ્યની સુવિધાઓ, સમગ્ર શહેરને આવરી લેતી સીસીટીવી સજ્જ પોલીસ અને ટ્રાફિક નિયમનની સુરક્ષા વ્યવસ્થાઓ, સ્માર્ટ રોડ ફ્લાઈવર અને બ્રિજ સાથે ઈલેક્ટ્રીક બસ થકી શહેરમાં યોગ્ય વાહન વ્યવહાર સિસ્ટમ, શહેરમાંથી પસાર થતી નદીઓને રિજુઈનેશન અને રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ, શહેરી વિસ્તારમાં અર્બન ફોરેસ્ટ અને કેનાલ બેજ સિનિયર પાર્ક થકી પર્યાવરણ સુરક્ષા, એસટીપી થકી ગંદા પાણીનો નિકાલ અને એસટીપીના ટ્રીટેડ વોટરને પણ કંપનીઓને વેચીને કોર્પોરેશનને આવક, ઘન કચરા નો સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ થકી ૧૦૦ % ડોર ટુ ડોર કલેક્શન અને પ્રોસેસીંગ, પ્લાસ્ટિક વેસ્ટ નો પણ રિસાયક્લિંગ જેવા એડવાન્સ વ્યવસ્થાઓ થકી શહેરોને વધુ સુંદર બનાવવાનો વધુ ગતિશીલ બનાવવાનો રાજ્ય સરકારના પ્રયત્નોને અભિનંદનની સાથે રાજ્યપાલ શ્રી નો આભાર વ્યક્ત કરું છું.